

Green Card for USA by EB 5 investor visa
NEWS OF GANDHINAGAR (DAILY)
USA #EB5Visa #Greencard
Call / Whats up No 09824653073

પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

अब तो एक ही आग ''जन फरियाद''

now on Internet www.janfariyad.com

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

સાપ્તાહિક

તંત્રીઃ પ્રદિપ રાવલ

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-28 ■ અંક-11 ■ તા. 24-3-2024 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk

# કોંગ્રેસ એક સુસ્થાપિત 'કંપની' જેવી છે, ભાજપ 'સ્ટાર્ટઅપ' છેઃ કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશ



નવીદિલ્હી,તા.૨૩

કોંગ્રેસના વરિષ્ઠ નેતા જયરામ રમેશે લોકસભા ચૂંટણી પહેલા પોતાની પાર્ટીના પુનરાગમનની આશા વ્યક્ત કરતા કહ્યું છે કે દેશની સૌથી જૂની પાર્ટી એક 'સ્થાપિત કંપની' જેવી છે જેની 'માર્કેટ કેપ'માં વધઘટ થાય છે. તેમણે ભાજપને 'સ્ટાર્ટઅપ' ગણાવ્યું હતું. સંપાદકો અને પત્રકારો સાથે વાત કરતી વખતે રમેશે એ વાત પર પણ ભાર મૂક્યો હતો કે ચૂંટણીમાં સફળતા માટે સંગઠનાત્મક તાકાત જરૂરી છે. તે જ સમયે, તેમણે એ વિચારને પણ નકારી કાઢ્યો કે ભારતીય જનતા પાર્ટીની સફળતાનું કારણ વડા પ્રધાન નરેન્દ્ર મોદીનું 'કરિશ્મેટિક નેતૃત્વ' છે.

કોંગ્રેસના મહાસચિવ રમેશે કહ્યું હતું કે 'કરિશ્મેટિક લીડર'ની કલ્પનામાં વિશ્વાસ કરવો એ ×ખતરનાક ખ્યાલ× છે કારણ કે આમ કરવું એ 'ડેમાગોગ'માં વિશ્વાસ છે. 'ડેમાગોગ' એક એવો નેતા છે જે તર્કસંગત દલીલોને બદલે સામાન્ય લોકોની ઈચ્છાઓ અને પૂર્વગ્રહો દ્વારા પોતાના માટે સમર્થન શોધે છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતાએ ભારપૂર્વક જણાવ્યું હતું કે પાર્ટીમાં પેઢીગત પરિવર્તન અને નવા ચહેરાઓની જરૂર છે. રમેશે કહ્યું કે કોંગ્રેસમાં મુશ્કેલ છે કારણ કે લોકો લાંબા સમયથી પાર્ટીમાં છે. કોંગ્રેસ નેતાએ કહ્યું, ×ભાજપ માટે આ સરળ છે કારણ કે તમે જાણો છો કે ભાજપ ઘણા રાજ્યોમાં 'સ્ટાર્ટઅપ' છે. તમે ભાજપને એક સ્ટાર્ટઅપ તરીકે જુઓ છો, કોંગ્રેસ એ સ્ટાર્ટઅપ નથી, કોંગ્રેસ એક સુસ્થાપિત કંપની છે જેની માર્કેટ કેપ સતત વધઘટ થતી રહે છે.

રમેશના મતે, એક 'સ્ટાર્ટઅપ' ઘણા લોકોને ગ્રહણ કરવામાં સક્ષમ છે, આવી સ્થિતિમાં કોંગ્રેસમાં ટિકિટ ન મેળવનાર વ્યક્તિ ભાજપમાં જોડાય છે, તેથી ઘણા રાજ્યોમાં કોંગ્રેસનો ગેરલાભ એ છે કે તે દાયકાઓથી હાજર છે. . છે. તેમણે કહ્યું કે એક જગ્યાએ અટકી જવાનો એક ગેરફાયદો એ છે કે તમે નવા લોકોને આવવાની તક આપી શકતા નથી. કોંગ્રેસના મહાસચિવે કહ્યું, ''પરંતુ, તે ધીમે ધીમે થઈ રહ્યું છે, તે કેટલાક રાજ્યોમાં થઈ રહ્યું છે. આ ચોક્કસપણે ઝડપથી થવું જોઈએ.'' કેન્દ્રીય નેતૃત્વ વિશે પૂછવામાં આવતા રમેશે જણાવ્યું હતું કે કોંગ્રેસ એકમાત્ર એવી પાર્ટી છે જે ચૂંટાયેલા પ્રમુખ ધરાવે છે. તેમણે કહ્યું, ''આપણે વ્યક્તિઓને ઘણું મહત્વ આપીએ છીએપ જો તમે રજની કોઠારી દ્વારા લખાયેલ ભારતીય રાજનીતિ પરનું પુસ્તક વાંચો, તો તેમાં શું કહેવાયું છે કે કોંગ્રેસ પાસે એક સિસ્ટમ હતી અને તે સિસ્ટમ પહેલીવાર ૧૯૬૯માં લાવવામાં આવી હતી. તોડી નાખવામાં આવી હતી. તે પક્ષમાં પ્રથમ વિભાજન સાથે અને પછી ૧૯૭૮ માં બીજા વિભાજન સાથે તૂટી ગયું હતું.×

કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે આ ધારણાને નકારી કાઢી છે કે આ લોકસભા ચૂંટણીના પરિણામો પહેલાથી જ નક્કી છે, તેમણે કહ્યું કે 'વાઘમાં હજી ઘણું જીવન છે' અને ૨૦૦૪ના ઈતિહાસનું ૨૦૨૪માં પુનરાવર્તન થશે. રમેશે કહ્યું કે આ ચૂંટણીમાં કોંગ્રેસ 'પાંચ ન્યાયાધીશો' અને '૨૫ ગેરંટી' સાથે લોકોની વચ્ચે જશે અને 'ભારત' ગઠબંધનને સ્પષ્ટ જનાદેશ મળશે.

તેમણે મીડિયાને કહ્યું, ×અમે કોઈ વ્યક્તિને ગેરંટી નથી આપી રહ્યા પરંતુ અમે કોંગ્રેસને ગેરંટી આપી રહ્યા છીએ... પાંચ જસ્ટિસ અને ૨૫ ગેરંટી અમારી વ્યૂહરચના હશે, આ અમારો મુદ્દો હશે. અમારા 'ન્યાય પત્ર' (ઘોષણાપત્ર)માં વધુ વસ્તુઓ હશે, પરંતુ મુખ્યત્વે પાંચ ન્યાય અને ૨૫ ગેરંટીનો સમાવેશ કરવામાં આવશે. અમે આ સાથે જનતાની વચ્ચે જઈશું.

કોંગ્રેસ નેતાએ આશા વ્યક્ત કરી કે આ ચૂંટણીમાં 'ભારત' ગઠબંધનને સ્પષ્ટ જનાદેશ મળશે. તેમણે એવી ધારણાને નકારી કાઢી હતી કે ૨૦૨૪ની લોકસભા ચૂંટણીના પરિણામો પહેલાથી જ નક્કી થઈ ગયા હોય તેવું લાગે છે. બોલિવૂડની એક ફિલ્મના નામનો ઉલ્લેખ કરતાં તેમણે કોંગ્રેસ વિશે કહ્યું કે, ''ટાઈગર માત્ર જીવતો જ નથી પણ જિજ્ઞાસુ પણ છે. ટાઈગરમાં હજુ ઘણો જીવ બાકી છે.તેમણે દાવો કર્યો કે, ''૨૦૦૩માં કોંગ્રેસ પાર્ટી મધ્યપ્રદેશ, છત્તીસગઢ અને રાજસ્થાનમાં હારી ગઈ હતી, પરંતુ ૨૦૦૪માં કેન્દ્રમાં કોંગ્રેસની સરકાર બની હતી. ૨૦ વર્ષ પછી પણ એ જ ઈતિહાસનું પુનરાવર્તન થશે.'' કોંગ્રેસ નેતાએ ૨૦૦૪ની લોકસભા ચૂંટણીનો ઉલ્લેખ કર્યો જેમાં અટલ બિહારી વાજપેયીની આગેવાની હેઠળની ભારતીય જનતા પાર્ટીને 'ઈન્ડિયા શાઈનિંગ' (ભારત ઉદય) ના નારા છતાં હારનો સામનો કરવો પડ્યો હતો. હતી.

## રાજકોટમાં પરિણીત પ્રેમી પંખીડાએ માસુમ બાળક સાથે આપઘાત કર્યો

રાજકોટ,તા.૨૩

મહેસાણા પંથકના પ્રેમી પંખીડાએ પુત્ર સાથે ગોંડલના વેરી તળાવમાં ઝંપલાવીને આપઘાત કર્યો હોવાની ઘટના સામે આવી છે. આ સમગ્ર મામલે ગોંડલ શહેર પોલીસ દ્વારા બનાવ સંદર્ભે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. આપઘાત કરતા પૂર્વે પ્રેમી પંખીડાએ સેલ્ફી ફોટો લીધો હોવાનો પણ સામે આવ્યું છે. સાથે જ સેલ્ફી ફોટો લઈને વોટ્સએપના સ્ટેટસમાં અપલોડ કરીને ''છેલ્લો ફોટો'' નામનું વાક્ય પણ લખ્યું હતું. સાથે જ યુવકે પોતાના મિત્રોને લોકેશન પણ મોકલી આપ્યું હોવાનું સામે આવ્યું છે.પોલીસ સૂત્રોમાંથી મળતી વિગત અનુસાર, મહેસાણાના લિંચ ગામ ખાતે રહેતા સંજય ફતાજી ઠાકોર (ઉવ.૨૨) તેમજ કિંજલ જશવંતજી ઠાકોર (ઉવ.૨૨) તેમજ ધ્રુવીન જશવંતજી ઠાકોર (ઉવ.૨)ના મૃતદેહો વેરી તળાવના પાણીમાંથી ફાયર બ્રિગેડ દ્વારા બહાર કાઢવામાં આવ્યા છે. ત્યારબાદ ત્રણેયની લાશને પીએમ અર્થે ગોંડલ શહેરની સિવિલ હોસ્પિટલ ખાતે આવેલા પીએમ રૂમ ખાતે મોકલવામાં ગોંડલ શહેરની સિવિલ હોસ્પિટલ ખાતે આવેલા પીએમ રૂમ ખાતે ખસેડવામાં આવી છે. સંજય અને કિંજલ બંને પરિણીત હોવાનું સામે આવ્યું છે. તેમજ બંને વચ્ચે છેલ્લા બે વર્ષથી વધુ સમયથી પ્રેમસંબંધ હોવાનો પણ સામે આવ્યું છે. પ્રેમી પંખીડા લિંચ ગામથી નાશી જઈ ગોંડલ ખાતે પહોંચ્યા હતા. જયાં તળાવની પાણી પર બેસીને ત્રણેય અંતિમ ફોટો પણ પાડ્યો હોવાનું સામે આવ્યું છે. અંતિમ ફોટો પાડીને સંજય તેના વોટ્સએપ સ્ટેટસમાં પણ મૂક્યો હતો. સાથે જ પોતાના મિત્રોને મોબાઈલનું લોકેશન પણ મોકલી આપ્યું હતું.

સંજય મહેસાણામાં પેપરમીલમાં કામ કરતો હોવાનું સામે આવ્યું છે. બીજી તરફ સંજય અને કિંજલ ગુમ થતા તેમના પરિવારજનોએ ગુમ સુધાની નોંધ પણ કરાવી હોવાનું સામે આવ્યું છે. સંજય દ્વારા પોતાના કાકા તથા મિત્રોને મોબાઈલનું લોકેશન મોકલી આપ્યું હતું. જેના કારણે તેઓ ગોંડલ વેરી તળાવ ખાતે પહોંચ્યા હતા.

સંજય ઠાકોરના લગ્ન પાટણ જિલ્લાના વાસાપુર ખાતે થયા હોવાની વિગત સામે આવી છે. જ્યારે કે તેની સાથે આત્મહત્યા કરનાર તેની પ્રેમિકા અમદાવાદ ખાતે સાસરે રહેતી હોવાનું સામે આવ્યું છે. બે દિવસ પૂર્વે બંને પ્રેમી પંખીડા મહેસાણા જિલ્લાના લીંચ ગામ ખાતેથી ફરાર થયા હતા. મૃતક ત્રણે વ્યક્તિએ કમરે દુપટ્ટો તેમજ હાથમાં ચાર્જરનો વાયર બાંધીને બે વર્ષીય માસુમ બાળક સાથે આપઘાત કર્યો હોવાનું સામે આવ્યું છે.

## ૭૫ વર્ષનો થઈ ગયો છું, ચૂંટણી લડવા સક્ષમ નથી પણ પાર્ટીનો આદેશ માનવો પડશેઃ દિગ્વિજય સિંહ

ભોપાલ,તા.૨૩

લોકસભા ચૂંટણીને લઈને કોંગ્રેસે મધ્યપ્રદેશમાં ૧૦ બેઠક માટે ઉમેદવારોની જાહેરાત કરી દીધી છે. અહેવાલો અનુસાર, કોંગ્રેસની ચોથી યાદી શનિવારે જાહેર થઈ શકે છે. કોંગ્રેસની આ યાદીમાં મધ્યપ્રદેશના ઉમેદવારોના નામ પણ હોઈ શકે છે. આ દરમિયાન પૂર્વ મુખ્યમંત્રી અને રાજ્યસભા સાંસદ દિગ્વિજય સિંહે મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે, 'પાર્ટીએ મને ચૂંટણી લડવાનું કહ્યું છે, હું ઈચ્છતો હતો કે એક યુવક રાજગઢ લોકસભા બેઠક પરથી ચૂંટણી લડે, પરંતુ મારે પાર્ટીના આદેશનું પાલન કરવું પડશે. હવે ચૂંટણી મારા નિયંત્રણમાં નથી.'

પૂર્વ મુખ્યમંત્રી દિગ્વિજય સિંહ રાજગઢ જિલ્લાના પ્રવાસે હતા. છાપીહેડામાં જિલ્લા કોંગ્રેસ સમિતિની બેઠકને સંબોધતા તેમણે કહ્યું હતં કે, 'યુવા કાર્યકરોએ આ ચૂંટણી લડવી પડશે. હજુ સુધી કોઈ જાહેરાત કરવામાં આવી નથી પરંતુ મને કહેવામાં આવ્યું છે કે મારે ચૂંટણી લડવી છે. આ ચૂંટણી મારા નિયંત્રણમાં નથી કારણ કે હું ૭૫ વર્ષનો છું, આ ચૂંટણી યુવાનોની ચૂંટણી છે, તમારે લડવાની છે.'

લોકસભા ચૂંટણીને લડવા અંગે દિગ્વિજય સિંહે કહ્યું હતું કે, 'આ ચૂંટણી ખૂબ જ સરળ રીતે બૂથ પર જ લડવામાં આવશે. આમાં વધારે હોબાળો કરવાની કે મોટી રેલીઓ કરવાની જરૂર નથી, દરેક બૂથ પર સખત મહેનત કરીને આ લડશે. હું તમને પત્ર લખીશ અને તેની સાથે કોંગ્રેસ પાર્ટીની ગેરંટીનો હિસાબ પણ હશે. તમારે તેને દરેક ઘરે અને ઘરે ઘરે પહોંચાડવી પડશે અને અમે આ રીતે ચૂંટણી લડીશું.'

## અરવલ્લીમાં ૩૭ લાખના દારૂ સાથે ૫૨.૮૯ લાખની માલમત્તા કબજે

અરવલ્લી,તા.૨૩

અરવલ્લીમાં મોડાસા રોડ પરથી સ્ટેટ મોનીટરીંગ સેલ (એસએમસી)ના અધિકારીઓએ ટ્રકમાંથી દારૂનો જથ્થો અને વાહન મળીને કુલ રૂ. ૫૨,૮૯,૭૪૦ નો મુદ્દમાલ કબજે કર્યો હતો. આ સંદર્ભે પોલીસે બે આરોપીની ધરપકડ કરીને ત્રણ ફરાર આરોપીની શોધ હાથ ધરી છે.

એસએમસીના અધિકારીઓએ મોડાસા રોડ પરના ટોલ પ્લાઝા પાસેથી દારૂ ભરેલો ટ્રક કબજે કર્યો હતો. જેમાં રૂ. ૩૭, ૮૪,૮૦૦ નો દારૂનો જથ્થો કબજે કરવામાં આવ્યો હતો. પોલીસે દારૂ, ટ્રક અને ૨ મોબાઈલ મળીને કુલ રૂ. ૫૨,૮૯,૭૪૦ નો મુદ્દમાલ કબજે કર્યો હતો.

આ સંદર્ભે પોલીસે હરિયાણાના બે શખ્સો મુકેશ વી. ચૌધરી અને રાકેશ જી.આંબેડકરની ધરપકડ કરી હતી. જ્યારે દારીનો જથ્થો મોકલનારા રાજેશ બિશ્નોઈ તથા દારૂ મંગાવનારા અને ટ્રકના માલિક મળીને ત્રણ ફરાર આરોપીની શોધ હાથ ધરી છે. ધરપકડ કરાયેલા આરોપીઓને માલપુર પોલીસ સ્ટેશનમાં લોંપવામાં આવ્યા હતા. આ અંગે પોલીસ વધુ તપાસ કરી રહી છે.

## વલસાડમાં ભાજપના ઉમેદવાર જાહેર કર્યા પછી પક્ષના સીનિયર નેતોમાં નારાજગી જોવા મળી

વલસાડ,તા.૨૩

ભાજપે લોકસભા ચૂંટણી ૨૦૨૪ માટે વલસાડની લોકસભા બેઠક પર ઉમેદવાર જાહેર કર્યા પછી પક્ષના સીનિયર નેતોમાં નારાજગી જોવા મળી રહી છે. વડોદરામાં તો રંજન ભટ્ટને ઉમેદવાર જાહેર કરવામાં આવતા પોસ્ટર વોર ફાટી નીકળી હતી અને છેવટે રંજન ભટ્ટે ચૂંટણી ન લડવાની જાહેરાત કરવી પડી હતી.

હવે શું આનું પુનરાવર્તન વલસાડમાં પણ થશે. વડોદરામાં પોસ્ટર કાંડ થયો તો વલસાડ લોકસભા બેઠક માટે પત્રિકકાંડ થયો છે. ભાજપના ઉમેદવાર અંગે સોશિયલ મીડિયામાં પત્રિકા વાઈરલ થઈ હતી. ધવલ પટેલને ઉમેદવારમાં બનાવવામાં આવતા પક્ષના અનેક અગ્રણીઓ અને કાર્યકરો નારાજ થયા હોવાનો પત્રિકામાં દાવો કરવામાં આવ્યો છે અને પત્રિકામાં વલસાડ બેઠક પર ભાજપના ઉમેદવાર બદલવાની માંગ કરવામાં આવી છે.

આ બાબત અંગે ભાજપના વલસાડ જિલ્લા પ્રમુખ હેમંત કંસારાએ જણાવ્યું હતું કે આ વાત તદ્દન ખોટી છે. ભાજપ એક કેડર બેઝ પાર્ટી છે. ભાજપ જ્યારે મેદવારની પસંદગી કરે છે ત્યારે બધા પાસા ચકાસીને જ ઉમેદવારની પસંદગી કરવામાં આવે છે. બને ત્યાં સુધી ઉમેદવાર પસંદ થયા પછી બદલવામાં આવતા નથી. કોઈ અસામાન્ય સંજોગો હોય તો જ બદલાય છે.

કોંગ્રેસના વલસાડ જિલ્લા પ્રમુખ દિનેશ પટેલે જણાવ્યું હતું કે ધવલ પટેલ સુરતના રાંદેર વિસ્તારમાં રહે છે. વલસાડના લોકોની વાત જવા દો વલસાડના ભાજપવાળાને ખબર નથી કે આ ધવલ પટેલ છે કોણ.

## સુરતના ભાજપના કોર્પોરેટર ગેમર દેસાઈને હાર્ટ એટેક, સારવાર મળતા પહેલા જ મોત થયું



સુરત,તા.૨૩

ગુજરાતમાં હાર્ટ એટેકથી મોતના કિસ્સાઓમાં વધુ એક ઉમેરો થયો છે. સુરતના ભાજપના કોર્પોરેટરનું હાર્ટ એટેકથી નિધન થયું છે. સુરત પાલિકાના ભાજપના કોર્પોરેટર ગેમર દેસાઈને હાર્ટ એટેક આવ્યો હતો. તેમને ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવાયા હતા, જ્યાં સારવાર દરમિયાન મોત નિપજ્યું છે. ગેમર દેસાઈ વોર્ડ નંબર ૧૮ ના કોર્પોરેટર હતા.ગેમર દેસાઈ પોતાના ઘરે હતા, ત્યારે જ તેમને છાતીમાં દુખાવો ઉપડ્યો હતો. જેથી પરિવાર તેમને તાત્કાલિક હોસ્પિટલમાં લઈ ગયો હતો. પરંતુ ડોક્ટરો તેમેન બચાવી શક્યા ન હતા. સારવાર મળે તે પહેલા જ તેમનું મોત નિપજ્યું હતું. ગેમર દેસાઈના મોતના ખબર આવતા જ ભાજપના કાર્યકર્તાઓ અને નેતાઓ હોસ્પિટલ પહોંચ્યા હતા.

ગુજરાતમાં હૃદય રોગની બીમારીમાં છેલ્લા એક વર્ષમાં સતત વધારો થયો છે. હજારો લોકોના હાર્ટ એટેકથી મૃત્યુ થયાનું સામે આવ્યું છે. ૧૦૮એ તાજેતરમાં જ હૃદય રોગના આંકડા જાહેર કર્યા છે. ૧૦૮એ વર્ષ ૨૦૨૩માં ૭૨ હજાર ૫૭૩ હૃદય રોગને લગતી ઈમરજન્સી હેન્ડલ કરી. છેલ્લા છ વર્ષ એટલે કે વર્ષ ૨૦૧૮થી વર્ષ ૨૦૨૩માં સુધી કેટલા કેસ નોંધાયા.

ગુજરાતમાં ચિંતાજનક રીતે હાર્ટ એટેકની ઘટનાઓ વધી રહી છે. સૌથી ડરામણી માહિતી એ છે કે, રાજ્યમાં દર ૭ મિનિટે એક વ્યક્તિ હાર્ટ એટેકનો ભોગ બની રહી છે. જી હા, ૧૦૮ ઈમરજન્સીના આંકડામાં આ મોટો ખુલાસો થયો છે. આંકડા કહે છે કે, ગુજરાતમાં દર ૭ મિનિટે હૃદયરોગનો એક વ્યક્તિ ભોગ બને છે. એટલે કે, હાર્ટ એટેક તો કોરોના કરતા પણ ખતરનાક કહી શકાય. ગુજરાતીઓએ કોરોનાથી નહિ, પરંતુ હાર્ટ એટેકથી સાવચેત રહેવાની જરૂરી છે. હાર્ટ એટેક માટે લાઈફસ્ટાઈલ, ફાસ્ટફૂડ, માનસિક તણાવ જવાબદાર છે.

## મેઘાલય-મણિપુર, નાગાલેન્ડમાં ભાજપ ઉમેદવારો નહીં ઉતારે

નવીદિલ્હી,તા.૨૩

ભારતીય જનતા પાર્ટી મણિપુર, મેઘાલય અને નાગાલેન્ડમાં લોકસભા ચૂંટણી માટે ઉમેદવારો ઉભા નહીં કરે. ભાજપે નિર્ણય કર્યો છે કે તે આ રાજ્યોના પ્રાદેશિક પક્ષોને સમર્થન આપશે. આ ત્રણ રાજ્યોમાં ૫ સીટો પર ૧૯ એપ્રિલે મતદાન થશે.

ભાજપના પ્રવક્તા સંબિત પાત્રાએ ૨૨ માર્ચે કહ્યું હતું કે મેઘાલયમાં સત્તારૂઢ નેશનલ પીપલ્સ પાર્ટીને પ્રોત્સાહન આપવા માટે, ભાજપે લોકસભા ચૂંટણી માટે શિલોંગ અને તુરા બંને બેઠકો પર એનપીસી ઉમેદવારને સમર્થન જાહેર કર્યું છે.કેબિનેટ મંત્રી એએલ હેક સહિત મેઘાલયની શિલોંગ અને તુરા બંને બેઠકો પરથી ચૂંટણી લડવા માટે કુલ છ ઉમેદવારોએ ટિકિટ માટે અરજી કરી છે. ભાજપે પણ લક્ષદ્વીપમાં અજીત જૂથના ઉમેદવારને સમર્થન આપવાનો નિર્ણય કર્યો છે. દરમિયાન, મિઝોરમના શાસક પક્ષ જોરમ પીપલ્સ મૂવમેન્ટે કહ્યું કે તે હજુ સુધી નક્કી નથી કર્યું કે તે ભાજપના નેતૃત્વ હેઠળના એનડીએમાં જોડાશે કે કોંગ્રેસની આગેવાની હેઠળના ઈન્ડિયામાં.ઝેડપીએમમાં મેઘાલયની ઘણી નાની પાર્ટીઓનો સમાવેશ થાય છે.

## તંત્રી લેખ......

# હવે અમૂલ દૂધ પીતા હે અમેરિકા, ગુજરાતની કંપનીએ ૧૦૮ વર્ષ જૂની ડેરી સાથે ડીલ ડન કરી

અમેરિકામાં ભારતીય ડેરી બ્રાન્ડની આ પ્રથમ એન્ટ્રી છે. અમૂલ બ્રાન્ડ, જે ભારતમાં દરરોજ લાખો લિટર તાજા દૂધનો સપ્લાય કરે છે, તે હવે અમેરિકામાં પણ તેની સ્વાદ અને ગુણવત્તાનો લોકોને અહેસાસ અપાવશે.

અમુલ બ્રાન્ડનું સ્લોગન છે કે 'અમૂલ દૂધ પીતા હે ઈન્ડિયા.. પરંતુ આ સ્લોગન હવે ઘણું વધારે વ્યાપક બનવા જઈ રહ્યુ છે.. કારણ કે હવે માત્ર ભારત જ નહીં પરંતુ અમેરિકા પણ અમુલનું દૂધ પીશે. આ સાથે અમૂલ બ્રાન્ડના માલિક ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશને પણ નવો ઈતિહાસ રચ્યો છે. અમેરિકામાં ભારતીય ડેરી બ્રાન્ડની આ પ્રથમ એન્ટ્રી છે. અમૂલ બ્રાન્ડ, જે ભારતમાં દરરોજ લાખો લિટર તાજા દૂધનો સપ્લાય કરે છે, તે હવે અમેરિકામાં પણ તેના સ્વાદ અને ગુણવત્તાનો લોકોને અહેસાસ કરાવશે. અમૂલ બ્રાન્ડ અહીં તાજા દૂધના સેગમેન્ટમાં કામ કરશે.

ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશને અમેરિકામાં અમૂલ બ્રાન્ડનું દૂધ વેચવા માટે અમેરિકાની ૧૦૮ વર્ષ જૂની ડેરી 'મિશિગન મિલ્ક પ્રોડ્યુસર્સ એસોસિએશન' સાથે કરાર કર્યો છે. જીસીએમએમએફના મેનેજિંગ ડિરેક્ટર જયેન મહેતાએ સહકારીની વાર્ષિક બેઠકમાં આની જાહેરાત કરી હતી. આ પ્રથમ વખત છે જ્યારે અમૂલ બ્રાન્ડની તાજા દૂધની શ્રેણી ભારતની બહાર અમેરિકા જેવા બજારોમાં લોન્ચ કરવામાં આવી રહી છે. અમેરિકામાં ભારતીય મૂળના સમુદાયની મોટી વસ્તી છે.

અમૂલ યુએસમાં એક ગેલન (૩.૮ લિટર) અને અડધા ગેલન (૧.૯ લિટર)ના પેકેજિંગમાં દૂધ વેચશે. અમેરિકામાં માત્ર ૬% ફેટ સાથે અમૂલ ગોલ્ડ બ્રાન્ડ, ૪.૫% ફેટ સાથે અમૂલ શક્તિ બ્રાન્ડ, ૩% ફેટ સાથે અમુલ તાઝા અને ૨% ફેટ સાથે અમુલ સ્લિમ બ્રાન્ડ વેચવામાં આવશે. આ બ્રાન્ડ્સ હાલમાં ઈસ્ટ કોસ્ટ અને મિડ-વેસ્ટ માર્કેટમાં વેચવામાં આવશે.

# પત્રાવળી-૩૮

નીના પટેલ

પત્રાવળીના વાચક અને લેખક મિત્રો,

કુશળ હશો.

ઘણા સમય પછી કી બોર્ડ પર આંગળીઓ પ્રવૃત્ત થઈ છે. પત્રો વાંચવાનો સમય તો ગમે ત્યાંથી ચોરી લઉં છું, પરંતુ કી બોર્ડને કષ્ટ આપવા માટે પણ હાથમાં ચળ આવવી જોઈએ ને ?

દેવિકાએ સંવાદના એક ખૂબ જ અગત્યના પ્રકાર મૌનની વાત છેડી અને મને લખવા માટે મજબૂર કરી દીધી. તેમાંય આપણા રાજુલબહેને પડઘા અને સંવાદની રસપ્રદ વાત લખી એટલે મને યાદ આવ્યો એ વચ્ચેનો એક બીજો પ્રકાર અને તે સંકેતનો સંવાદ.

પતિપત્ની કોઈને ઘરે બેસવા ગયા હોય અને પત્નીને કોઈ પણ કારણસર ઊઠવું હોય તો એ કાંઈ બધાની વચ્ચે, 'ચાલો ઊઠો' એમ નથી કહેતી, માત્ર પતિની સામે જોવા માત્રથી જ પતિ એ ઊઠવાનો સંકેત સમજી જાય. આ સંકેત અથવા 'બૉડી લૅંગવેજ' પણ સંવાદનો એક અગત્યનો પ્રકાર કહી શકાય. આપણને ઘણીવાર એવા અનુભવો થયા હશે કે જ્યારે સામેની વ્યક્તિ બોલે તે પહેલાં આપણને સંદેશો મળી જાય છે. એના શારીરિક હલનચલન માત્રથી, અથવા વિના હલનચલનથી પણ ખૂબ સ્પષ્ટ રીતે વાત પહોંચાડી શકે છે. ઘરમાં મહેમાન આવ્યા હોય અને આપણા સંતાનને કાંઈ જોઈતું હોય તો રૂમમાં આંટાફેરા કરે અને આપણે સમજી જઈએ કે એને કાંઈ જોઈએ છે.

એ જ રીતે પતિ અથવા પત્ની વારંવાર કાંઈ ' આઈ લવ યુ ' બોલ્યા તો નહી જ કરે ને? પણ નાની સરખી કાળજી લે તો પણ એ જ ભાવ પ્રગટ થાય છે અને સામેની વ્યક્તિ સમજી પણ જાય છે.




યાદ આવી ગઈ પેલા ગીતની કડી, ' સીર્ફ અહેસાસ હે યે રુહસે મહેસૂસ કરો.'

પરંતુ એનો અર્થ એવો સહેજેય નથી કે લાગણી પ્રદર્શિત ન કરવી. ક્યારે ફૂલો દ્વારા તો ક્યારેક માંગે તે પહેલા એકાદ કપ ચાનો ધરી દેવો, કે ક્યારેક સરપ્રાઈઝ આપવી વગેરે પણ 'ઈનડાયરેક્ટ' સુખદ સંવાદ જ કહેવાયને?

મને એક પ્રસંગ યાદ આવ્યો: એક વખત શ્રી આશિતભાઈ અને બહેન હેમાબહેનનો લેસ્ટરમાં કાર્યક્રમ હતો. હેમાબહેને કોઈ એક ગીતમાં ખૂબ જ સરસ હરકત લીધી, અને આશિતભાઈએ પ્રશંસાસભર નજરે જે રીતે હેમાબહેન સામે જોયું અને હેમાબહેને પણ એક સ્મિત આપ્યું –બસ, એ જોઈને તમે માનશો, હું ભાવવિભોર થઈ ગઈ !

આ જ રીતે પ્યાસા ફિલ્મમાં ગુરુદત્ત અને વહીદા રહેમાનનાં પાત્રો દ્વારા જે બોલાયા વગરનાં પ્રેમની અને સમજણની અભિવ્યક્તિ થઈ છે એ અદ્?ભૂત અને અમર છે.

આમ સંકેત અને માત્ર અંગો દ્વારા અભિવ્યક્ત થતાં સંવાદોનો ફાળો પણ કેટલો મોટો છે !

વળી એક બીજો પ્રકાર પણ યાદ આવ્યો અને તે એટલે સામસામે ન હોવા છતાં ક્યારેક અદ?શ્ય રીતે મળતો સંકેત. ઘણીવાર એવું થાય કે આપણે કોઈના વિશે વિચારતાં હોઈએ અને અચાનક એ વ્યક્તિનો ફોન આવે અથવા સદેહે મળે અને કહે કે છેલ્લા બેત્રણ દિવસથી તમારો જ વિચાર કરતો હતો અને લ્યો આપણે મળી ગયાં ! હું ચમત્કારોમાં જરાય વિશ્વાસ ધરાવતી નથી પરંતુ આ ટેલીપથી—મનના મન સાથે થતાં આ સંકેતને પણ ઉકેલી શકાતા નથી.

રાજુલબહેને છેલ્લે કહ્યું તેમ શ્રેષ્ઠ સંવાદ આપણને મળ્યો તે 'કૃષ્ણ-અર્જુન ' સંવાદ.

એ જ રીતે શ્રેષ્ઠ અનુભૂતિગત સંવાદ એ રાધા-કૃષ્ણનો .

અને એકપક્ષીય સંવાદ મીરાંનો, જ્યાં સામે કૃષ્ણ પ્રત્યક્ષ નથી અને સંવાદ રચાય જાય અને સમાજને મળે કૃષ્ણવિરહનાં ભજનો!

આજે મને એક બીજી વાત યાદ આવે છે કે ક્યારેક બોલાયેલા શબ્દોનો અર્થ (મનમાં) સાવ વિપરીત થતો હોય જેમ કે,

મા પાસે અમુક વસ્તુ માટે જીદ કરતા બાળકને એ વસ્તુ આપવી ન હોય તો પણ જો બાળક માને જ નહીં તો મા ગુસ્સામાં કહે, 'લે, જા મર!' ખરેખર તો માની અંતરની ભાવના કંઈક એવી હોય કે, 'જા મારું આયખું લઈને પણ જીવ!' એવી જ રીતે રિસાયેલી પ્રેમિકા કહે કે ' જા, તારી સાથે નથી બોલવાની!' ત્યારે અંતરમાં તો બોલવા માટે તડપતી હોય !

મિત્રો, પત્રાવળીની શરુઆતમાં પત્ર લખ્યો પછીનો મારો આ બીજો પત્ર છે. પરંતુ એ વચ્ચે તો ઘણાં બધાં પત્રમિત્રોએ પત્રો લખ્યા. રાજુલબહેન, હેમાબહેન, વિમળાબહેન, શૈલાબહેન, રોહિતભાઈ, પ્રવીણાબહેન, ઈન્દુબહેન, પ્રજ્ઞાબહેન, કૃષ્ણકાંતભાઈ, ભદ્રાબહેન, અલકેશભાઈ, સંગીતા વગેરે પોતપોતાની રસાળ શબ્દવાનગી લઈને આવતા ગયાં, પીરસતાં ગયાં અને પત્રાવલિના એક એક પાન બની એને સમૃદ્ધ કરતાં ગયાં. અદ્ભૂત!

જુ.ભાઈ, પ્રીતિબહેન અને વલીભાઈનાં પત્રો વાંચીને તો જાણે હું એચ.કે.આર્ટસ કૉલેજના ગુજરાતીના વર્ગમાં દેવિકાની સાથે બેઠી હોઉં એવી અનુભૂતિ થઈ. માહિતીસભર પત્રવર્ગ કહું? બધાં જ ભાઈઓ અને બહેનોએ શબ્દોનાં નવાં નવાં સ્વરૂપોને, સામે બેસીને વાત કરતાં

# કોંગ્રેસ સામે બળવો કરનારા ૬ ધારાસભ્યોના કેસરીયા, હિમાચલ પ્રદેશમાં સરકારનું સંખ્યાબળ ઘટ્યું




શિમલા,તા.૨૩

હિમાચલ પ્રદેશમાં કોંગ્રેસના તમામ છ બળવાખોર ધારાસભ્યો અને ત્રણ અપક્ષ ધારાસભ્યો ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા છે. કોંગ્રેસના ધારાસભ્યો સુધીર શર્મા, રવિ ઠાકુર, રાજેન્દ્ર સિંહ રાણા, ચૈતન્ય શર્મા, દેવેન્દ્ર ભુટ્ટો અને ઈન્દર દત્ત લખનપાલ ભાજપમાં જોડાઈ ગયા છે. આ ધારાસભ્યો ભાજપમાં જોડાયા બાદ કુલ ૬૮ વિધાનસભા બેઠકોમાંથી કોંગ્રેસ હવે ૩૪ બેઠકો પર આવી ગઈ છે. ભાજપની સંખ્યા વધશે નહીં કારણ કે હિમાચલ પ્રદેશ વિધાનસભાના અધ્યક્ષે ૬ બળવાખોર ધારાસભ્યોને સસ્પેન્ડ કર્યા છે અને ૩ અપક્ષ ધારાસભ્યોએ રાજીનામું આપી દીધું છે.

હિમાચલ પ્રદેશ વિધાનસભાના અધ્યક્ષ કુલદીપ સિંહ પઠાનિયાએ રાજ્યસભાની ચૂંટણીમાં બળવો કરનાર છ બળવાખોર ધારાસભ્યોને અયોગ્ય ઠેરવ્યા હતા. તેમણે કહ્યું હતું કે, 'પક્ષપલટા વિરોધી કાયદા હેઠળ છ ધારાસભ્યો વિરુદ્ધ ફરિયાદ ધારાસભ્ય અને મંત્રી હર્ષ વર્ધન દ્વારા અમારા સચિવાલયને મળી હતી, ત્યારબાદ તેમણે બંને પક્ષોને સાંભળ્યા અને પોતાનો નિર્ણય આપ્યો. સસ્પેન્ડ કરાયેલા ધારાસભ્યોએ વ્હીપનું ઉલ્લંઘન કર્યું હતું.'

હિમાચલ પ્રદેશ વિધાનસભામાં કોંગ્રેસના ૪૦ ધારાસભ્યો હતા. ૬૮ સભ્યોની વિધાનસભામાં બહુમતી માટે જરૂરી આંકડો ૩૫ હતો. છ ધારાસભ્યોના બળવા પછી કોંગ્રેસ નંબર ગેમમાં ૪૦થી ઘટીને ૩૪ પર આવી ગઈ છે, જે બહુમતી માટે જરૂરી આંકડા કરતા એક ઓછી છે. પરંતુ બળવાખોર ધારાસભ્યોને સભ્યપદેથી અયોગ્ય ઠેરવ્યા બાદ હવે વિધાનસભાની સંખ્યા ૬૨ થઈ ગઈ છે. આવી સ્થિતિમાં બહુમત માટે જરૂરી આંકડો હવે ૩૨ થઈ ગયો છે. તેથી હાલમાં વિધાનસભામાં માત્ર કોંગ્રેસ જ આગળ છે.જર્મન એમ્બેસીના ડેપ્યુટી હેડ જયોર્જ એન્ઝવેઈલરને સમન્સ પાઠવ્યું હતું.

# પૂર્વાંચલમાંથી મોદી સરકારનું પતન નિ શ્ચિત છે, અફઝલ અન્સારી પોતાને 'બાલી' જેવો યોદ્ધા કહે છે

લખનૌ,તા.૨૩

લોકસભા ચૂંટણી ૨૦૨૪: ઉત્તર પ્રદેશની ૮૦ બેઠકો દિલ્હીની સત્તા માટે ખૂબ જ નિર્ણાયક માનવામાં આવે છે. ખાસ કરીને પૂર્વાંચલમાં ચૂંટણી જંગ હંમેશા રસપ્રદ રહ્યો છે. આ હોટ સીટમાંથી એક ઉત્તર પ્રદેશની ગાઝીપુર સીટ છે, હાલમાં ઈન્ડિયા એલાયન્સે મુખ્તાર અંસારીના ભાઈ અફઝલ અંસારીને સમાજવાદી પાર્ટીના સિમ્બોલ પર ગાઝીપુરથી મેદાનમાં ઉતાર્યા છે. આ પહેલા બીજેપીના ડો. મનોજ સિન્હાએ ૨૦૧૪ની લોકસભા ચૂંટણી જીતી હતી, ત્યારબાદ અફઝલ અન્સારી ૨૦૧૯ની ચૂંટણીમાં અહીંથી બસપાના સિમ્બોલ પર ચૂંટણી જીત્યા હતા. સપા ઉમેદવાર અફઝલ અન્સારીએ લોકસભા ચૂંટણી ૨૦૨૪ અંગે વાત કરી હતી

ગાઝીપુરથી સમાજવાદી પાર્ટીના ઉમેદવાર અન્સારીએ કહ્યું કે જનતાએ ૨૦૨૪ની ચૂંટણીને લઈને પોતાનો મૂડ બનાવી લીધો છે. આ વખતે આખા પૂર્વાંચલમાંથી મોદી સરકારનું પતન થશે તે નિશ્ચિત છે. ભારતીય જનતા પાર્ટીએ સરકારી એજન્સીઓનો દુરુપયોગ કર્યો છે. ભાજપના લોકોએ પોતાની સત્તાનો દુરુપયોગ કરીને એજન્સીઓની મદદથી ડોનેશન લીધું અને સૌથી કમનસીબી એ છે કે ભાજપના લોકોએ બીફ ટ્રેડિંગ કંપનીઓ અને પાકિસ્તાની કંપનીઓ પાસેથી પણ ડોનેશન લીધું છે. પરંતુ દેશ તેમને ક્યારેય માફ નહીં કરે. દેશ તેમના ઈરાદાઓને સમજી ગયો છે.

ગાઝીપુરમાં આપણે કેટલી પડકારજનક હરીફાઈ જોઈ. આ સવાલનો જવાબ આપતા અફઝલ અંસારીએ હવે કહ્યું કે અમે જનતા પર વિશ્વાસ કરનારા લોકો છીએ. તે જાહેર અભિપ્રાય છે જે બધું નક્કી કરે છે. વાસ્તવિકતા એ છે કે અમારી સામે ભાજપના ઉમેદવારોની ઉંઘ ઉડી જાય છે, ઉમેદવારો ધ્રૂજવા લાગે છે. આ સિવાય તેણે પોતાને બાલી જેવો યોદ્ધા ગણાવ્યો અને કહ્યું કે મારી સામે આવતા જ બાલી જેવા યોદ્ધાની જેમ મને ભાજપના ઉમેદવારોની અડધી શક્તિ મળી જાય છે. ઉત્તર પ્રદેશમાં ૮૦ બેઠકો જીતવાના ભાજપના લોકોના દાવા સાવ પોકળ છે. તેઓ હજુ સુધી ૮૦ ઉમેદવારોના નામ પણ આગળ લાવી શક્યા નથી.જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે મુખ્તાર અંસારીએ જેલમાં તેમની સાથે કંઈક અપ્રિય બનવાનો ડર વ્યક્ત કર્યો. આ સવાલોના જવાબ આપતા અફઝલ અંસારીએ કહ્યું કે આ ચોક્કસપણે ખૂબ જ ગંભીર બાબત છે અને હું પણ ચિંતિત છું. તેમના પુત્ર ઓમર અંસારીએ પણ આ મામલે સુપ્રીમ કોર્ટમાં મામલો ઉઠાવ્યો છે. અમે આ મામલે જેલ અધિક્ષક અને બાંદાના જિલ્લા મેજિસ્ટ્રેટ સાથે પણ ચર્ચા કરી છે. આ સાથે દારૂ નીતિ કેસમાં દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલની ધરપકડને લઈને તેમણે કહ્યું કે, બીજેપીના લોકોનો ઈરાદો સરમુખત્યારશાહીનો છે, પરંતુ દેશમાં લોકશાહી હજુ ખતમ થઈ નથી. હજી સુધી, ભારતીય જનતા પાર્ટી અને બસપાએ ગાઝીપુર સીટ માટે તેમના ઉમેદવારોના નામની જાહેરાત કરી નથી. પરંતુ સપાના ઉમેદવાર અફઝલ અન્સારીનો આ પડકાર આ પક્ષોની છાવણીમાં ખળભળાટ મચાવનાર છે.

# રાજકીય પક્ષો પૈસા વગર કશું કરી શકતા નથી: નીતિન ગડકરી

નવીદિલ્હી,તા.૨૩

ઈલેક્ટોરલ બોન્ડ પર કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીનું નિવેદન સામે આવ્યું છે. નીતિન ગડકરીએ કહ્યું કે ચૂંટણી બોન્ડ યોજના લાવવા પાછળનો અમારો હેતુ સારો હતો. તેમણે કહ્યું કે પૈસા વગર રાજકીય પક્ષ ચલાવવો શક્ય નથી. કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે સરકારે સારા ઈરાદા સાથે ૨૦૧૭માં ચૂંટણી બોન્ડ યોજના શરૂ કરી હતી, જેને હવે સુપ્રીમ કોર્ટે ગેરબંધારણીય જાહેર કરી છે.

બીજેપીના વરિષ્ઠ નેતાએ કહ્યું કે જો સુપ્રીમ કોર્ટ આ મામલે વધુ કોઈ નિર્દેશ આપે છે તો તમામ રાજકીય પક્ષો સાથે બેસીને ચર્ચા કરી શકે છે. ગાંધીનગર નજીક ગિફ્ટ સિટી ખાતે આયોજિત એક કાર્યક્રમમાં ગડકરીએ આ ટિપ્પણી કરી હતી. તેમણે કહ્યું કે જ્યારે અરુણ જેટલી (કેન્દ્રીય નાણામંત્રી) હતા ત્યારે હું તે ચર્ચાનો ભાગ હતો (ઈલેક્ટોરલ બોન્ડ અંગે). કોઈ પણ પક્ષ સંસાધન વિના ચાલી શકે નહીં. કેટલાક દેશોમાં સરકારો રાજકીય પક્ષોને ભંડોળ પૂરું પાડે છે. ભારતમાં આવી કોઈ વ્યવસ્થા નથી.

ઈલેક્ટોરલ બોન્ડ અંગેના એક સવાલ પર કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ કહ્યું કે અમે રાજકીય પક્ષોને આર્થિક રીતે મજબૂત રાખવા માગીએ છીએ. તેમણે કહ્યું કે ઈલેક્ટોરલ બોન્ડ રજૂ કરવા પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય એ હતો કે રાજકીય પક્ષોને સીધા નાણાં મળવા જોઈએ, પરંતુ (દાતાઓના) નામ જાહેર કરવામાં આવતાં નથી કારણ કે જો સત્તામાં રહેલા પક્ષ બદલાય તો તેનાથી સમસ્યાઓ સર્જાય છે. નીતિન ગડકરીએ કહ્યું હતું કે રાજકીય પક્ષોને પોતાનો બિઝનેસ ચલાવવા માટે પૈસાની જરૂર હોય છે.સુપ્રીમે ઈલેક્ટોરલ બોન્ડ સ્કીમ રદ કરી હતી.તેમણે જણાવ્યું હતું કે અમે પારદર્શિતા લાવવા માટે ઈલેક્ટોરલ બોન્ડની આ સિસ્ટમ લાવ્યા છીએ. તેથી, જ્યારે અમે ઈલેક્ટોરલ બોન્ડ લાવ્યા ત્યારે અમારા ઈરાદા સારા હતા. જો સુપ્રીમ કોર્ટને તેમાં કોઈ ખામી જણાશે અને તેને સુધારવાનું કહેશે તો તમામ પક્ષકારો સાથે બેસીને સર્વસંમતિથી ચર્ચા કરશે.

# મહુઆ મોઈત્રા કેશ ફોર ક્વેરી કેસમાં ફરી મુશ્કેલીમાં,સીબીઆઈએ ઘરે દરોડા પાડ્યા

કોલકતા,તા.૨૩

તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી)ના નેતા મહુઆ મોઈત્રા ફરી એક વાર મુશ્કેલીમાં ફસાયેલી જોવા મળી રહી છે. વાસ્તવમાં સીબીઆઈ મોઈત્રાના ઘરે દરોડા પાડી રહી છે. આટલું જ નહીં, ટીમ કેશ ફોર ક્વેરી કેસમાં કોલકાતા અને અન્ય સ્થળોએ પણ દરોડા પાડી રહી છે.

ટીએમસી સાંસદ અવારનવાર પોતાના નિવેદનોને કારણે ચર્ચામાં રહે છે. બીજેપી નેતા નિશિકાંત દુબેએ મહુઆ મોઈત્રા પર બિઝનેસમેન દર્શન હિરાનંદાની પાસેથી લાંચ લેવાનો આરોપ લગાવ્યો હતો. આ સાથે તેમણે એવો પણ દાવો કર્યો હતો કે્ સ્ઝ સાંસદ અને બિઝનેસમેન વચ્ચે રોકડ અને ભેટની આપ-લે થઈ હતી. તેમણે કહ્યું કે સંસદમાં પ્રશ્નો પૂછવા માટ્ સ્ઝ સાંસદ અને ઉદ્યોગપતિ વચ્ચે પૈસા અને ભેટની આપ-લે થાય છે. નિશિકાંત દુબેએ લોકસભા ઓમ બિરલાને પત્ર લખીને ટીએમસી સાંસદ મહુઆ મોઈત્રા વિરુદ્ધ તપાસ સમિતિની રચના કરવાની અને તેમને ગૃહમાંથી 'તાત્કાલિક સસ્પેન્ડ' કરવાની માગણી કરી હતી.ઓમ બિરલાને પત્ર લખીને નિશિકાંત દુબેએ કહ્યું હતું કે જ્યારે પણ સંસદનું સત્ર હોય છે, ત્યારે મહુઆ મોઈત્રા અને તૃણમૂલના વરિષ્ઠ સાંસદ સૌગતા રોયની આગેવાની હેઠળની ઓલ ઈન્ડિયા તૃણમૂલ કોંગ્રેસ ની બૂમો પાડતી બ્રિગેડ કોઈને કોઈ બહાને બધા સાથે જોડાય છે.તેણીને સતત ગેરવર્તણૂક કરીને ગૃહની કાર્યવાહીમાં વિક્ષેપ પાડવાની આદત છે. આ આઘાતજનક વ્યૂહરચના હેઠળ, મહુઆ અન્ય સભ્યોના ચર્ચા કરવાના બંધારણીય અધિકારોનું ઉલ્લંઘન કરે છે, જ્યારે અન્ય સાંસદો સામાન્ય લોકોના મુદ્દાઓ અને સરકારની નીતિઓ પર ચર્ચા કરવા માંગે છે.

બીજેપી સાંસદ નિશિકાંત દુબેના આરોપોનો જવાબ આપતા ટીએમસી સાંસદ મહુઆ મોઈત્રાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર એક પોસ્ટ કરી હતી. પોતાની પોસ્ટમાં તેણે નિશિકાંત દુબે પર નકલી ડિગ્રી હોવાનો આરોપ લગાવ્યો છે. ભાજપ પર નિશાન સાધતા મહુઆએ કહ્યું કે તેઓ તપાસ માટે તેમના દરવાજે આવતા પહેલા અદાણી કોલસા કૌભાંડ કેસમાં કાર્યવાહીની રાહ જોઈ રહ્યા છે. મહુઆએ કહ્યું કે ઈઢ અને અન્ય તપાસ એજન્સીઓએ આ મામલે એફઆઈઆર નોંધવી જોઈએ.

બિઝનેસમેન દર્શન હિરાનંદાનીએ તાજેતરમાં જ તેમની સહી સાથે એફિડેવિટ જારી કરી હતી. દર્શને આ એફિડેવિટમાં ઘણા મહત્વના ખુલાસા કર્યા હતા. એફિડેવિટમાં દર્શને લખ્યું હતું કે પીએમ મોદીની અસ્પષ્ટ છબીએ વિપક્ષને તેમના પર હુમલો કરવાની કોઈ તક આપી નથી, આવી સ્થિતિમાં મહુઆ મોઈત્રાએ મોદી સરકારને બદનામ કરવા માટે અદાણીને નિશાન બનાવવાનો રસ્તો પસંદ કર્યો. દર્શને દાવો કર્યો છે કે તેણે અદાણીને નિશાન બનાવવા માટે મહુઆ મોઈત્રાના સંસદીય લોગિન અને પાસવર્ડનો ઉપયોગ કર્યો હતો અને એમ પણ કહ્યું હતું કે તેની પાસે મહુઆનું સંસદીય લોગિન અને પાસવર્ડ પણ છે અને તે પોતે મહુઆ વતી સંસદમાં પ્રશ્નો ઉઠાવશે.૯ નવેમ્બરના રોજ મળેલી બેઠકમાં ભાજપના સાંસદ વિનોદ કુમાર સોનકરની આગેવાની હેઠળની સમિતિએ લાંચ લેવા અને પ્રશ્નો પૂછવાના મામલામાં મોઈત્રાને લોકસભામાંથી હાંકી કાઢવાની ભલામણ કરતો અહેવાલ અપનાવ્યો હતો. કોંગ્રેસ સાંસદ પ્રનીત કૌર સહિત સમિતિના છ સભ્યોએ રિપોર્ટની તરફેણમાં મતદાન કર્યું હતું. જ્યારે વિરોધ પક્ષો સાથે જોડાયેલા સમિતિના ચાર સભ્યોએ અસંમતિ નોંધો રજૂ કરી હતી. વિપક્ષી સભ્યોએ અહેવાલને 'ફિક્સ્ડ મેચ' ગણાવ્યો છે અને કહ્યું છે કે ભાજપના સાંસદ નિશિકાંત દુબે (જેની સમિતિ દ્વારા સમીક્ષા કરવામાં આવી હતી) દ્વારા દાખલ કરવામાં આવેલી ફરિયાદને સમર્થન આપવા માટે કોઈ પુરાવા રજૂ કરવામાં આવ્યા ની.લોકસભાની એથિક્સ કમિટીએ ૫૦૦ પાનાનો રિપોર્ટ તૈયાર કર્યો છે. જેમાં સંસદની ગરિમા બચાવવા અને રાષ્ટ્રીય સુરક્ષાને મહત્વ આપવા માટે ઘણી મહત્વપૂર્ણ ભલામણો કરવામાં આવી છે.

Editor,owner,printer & publisher: Pradip Raval printed at sarvoday offset,13.gajanan estate idgah choky,Ahmedabad & published from 2567,gozaria's pole.Halim's khadki,shahpur.Ahmedabad -380001

તંત્રી ,માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદીપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ.૧૩.ગજાનન એસ્ટેટ.ઇદગાહ ચોકી પાસે.અમદાવાદ.ખાતે છપાવીને ઘર.નં:૨૫૬૭,ગોઝારીયા પોળ,હલીમની ખડકી.શાહપુર.અમદાવાદ-૩૮૦૦૦૧ ખાતેથી.પ્રસિદ્ધ કર્યું